પેજ 3

કેટરિનાની માતા દોહિત્રને મળવા હોસ્પિટલ પહોંચી

મુંબઈ, તા. ૪: બોલીવુડ અભિનેત્રી કેટરિના કૈફ અને વિકી કૌશલના ઘરઆંગણે ખુશીનો માહોલ છવાઈ ગયો છે. શુક્રવારે કેટરિના કૈફે પુત્રને જન્મ આપ્યો હતો. બાળકના આગમનથી આખા પરિવારમાં ખુશીનો માહોલ છે. વિકી કૌશલનાં માતા-પિતા દાદા-દાદી બનવા બદલ ખૂબ જ ખુશ છે. ચાહકો અને સેલિબ્રિટીઓ તરફથી મળી રહેલા સતત અભિનંદન અને પ્રેમનો વરસાદ જોઈને વિકી કૌશલના પિતાએ બધાનો આભાર માન્યો હતો. ત્યારે કેટરિનાની માતા પણ તેના દોહિત્રની એક ઝલક જોવા માટે ઉત્સુક દેખાઈ હતી. તાજેતરમાં કેટરિના કૈફની માતા હોસ્પિટલની બહાર જોવા મળી હતી. સફેદ રોલ્સ-રોયસમાં બેઠેલી સુઝાન ટર્કોટ દોહિત્રને મળવા માટે ઉત્સાહિત દેખાઈ રહી હતી. જોકે, સુઝાન ટર્કોટે મીડિયા સાથે વાત કરી ન હતી, તેના બદલે સીધી હોસ્પિટલ ગઈ હતી.

મલાઇકા અરોરા સાથે હની સિંહના ગીતે ઇન્ટરનેટ પર ધમાલ મચાવી

મુંબઈ, તા. ૪: હની સિંહે ફરી એકવાર ધમાલ મચાવી દીધી છે. આ વખતે તે મલાઇકા અરોરા સાથે જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી ચર્ચામાં રહેલું ગીત 'ચિલગમ ખિયા કે...' રિલીઝ થઈ ચૂક્યું છે અને હની સિંહ સાથે મલાઇકાનું પર્ફોર્મન્સ જોવાલાયક છે. આ વીડિયો સામે આવતાંની સાથે જ તે આગની જેમ વાયરલ થઈ ગયો છે. હની સિંહે સાબિત કરી દીધું છે કે, તે ધમાકેદાર વાપસી કરી શકે છે. અગાઉ 'મેનિયાક' ગીતથી હંગામો મચાવનાર હની સિંહ ફરી એકવાર ભોજપુરી તડકો લગાવતો જોવા મળી રહ્યો છે. એ માનવું મુશ્કેલ છે કે, હની સિંહ એક પછી એક ભોજપુરી રેપ સાથે સનસનાટી મચાવી રહ્યો છે. જ્યારે મલાઈકા અરોરાને જોઈને કોઈ તેની ઉમરનો અંદાજ લગાવી શકતું નથી. હંમેશની જેમ તે તેના હોટ અને બોલ્ડ લુક્સથી બધાને આશ્ચર્યચકિત કરી રહી છે.

કુપવાડામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરતાં બે આતંકવાદીઓ ઠાર

શ્રીનગર, તા. ૪ (પીટીઆઈ): જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર ઘૂસણખોરીના પ્રયાસને સેનાએ નિષ્ફળ બનાવતાં બે અજાણ્યા આતંકવાદીઓ માર્યા ગયા હતા. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. સેનાના શ્રીનગર સ્થિત ચિનાર કોર્પ્સે જણાવ્યું હતું કે, કુપવાડાના કેરન સેક્ટરમાં ઘૂસણખોરીના પ્રયાસ અંગે એજન્સીઓ તરફથી મળેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે શુક્રવારે એક ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સેનાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''સતર્ક સૈનિકોએ શંકાસ્પદ ગતિવિધિઓ જોઈ અને પડકાર ફેંક્યો, જેના પરિણામે આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો.'' પોસ્ટમાં જણાવાયું હતું કે, ''ચાલુ ઓપરેશનમાં સુરક્ષા દળો દ્વારા બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. વિસ્તારમાં શોધખોળ ચાલુ છે.''

ઇટાલીના ટુરિસ્ટ હોટસ્પોટ સિસિલીમાં વાવાઝોડા પછી ઘોડાપૂર

રસ્તાઓ પર પાણી, નાના વાહનો પાણીમાં ડૂબી ગયા

રોમ, તા. ૮: ભારે વાવાઝોડાને કારણે અચાનક પૂર આવતા ઇટાલીનું એક લોકપ્રિય પર્યટન સ્થળ તળાવમાં ફેરવાઈ ગયું હતું.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા નાટકીય ફૂટેજમાં મોટરબાઈક લગભગ સંપૂર્ણપણે પૂરના પાણીમાં ડૂબી ગયેલી દેખાય છે અને કાર જોખમો સાથે ધીમે ધીમે આગળ વધવાનો પ્રયાસ કરી રહી છે. આ વીડિયો સિસિલી ટાપુ પર સિરાક્યુસમાં પિયાઝા યુરીપાઇડની નજીક ઉતારવામાં આવ્યા છે. લાલ અને સફેદ ટેબલ અને ખુરશીઓ પણ વહેતા પાણીમાં તણાઈ જતા જોઈ શકાય છે જ્યાં રસ્તાઓ એક સમયે સ્પષ્ટ દેખાતા હતા જેમના પર બાદમાં પાણી ફરી વળ્યું હતું.

રાષ્ટ્રીય હવામાન સેવા, ઇટાલિયામીટીઓ એજન્સીએ આગામી દિવસોમાં મધ્યમ વરસાદ અને વાવાઝોડાની ચેતવણી જારી કરી છે.

સિસિલીનું તાજેતરનું ખરાબ હવામાન 1 ઓક્ટોબરના રોજ એગ્રીજેન્ટો અને સાન લિયોન શહેરોને ઘેરી લેનારા આવા જ પૂર પછી આવ્યું છે, જેના કારણે રહેવાસીઓ તેમના ઘર છોડી શક્યા નથી. દરમિયાન, સ્પેન પણ ગઈકાલે દેશમાં આવેલા મેગા વાવાઝોડાનો સામનો કરી રહ્યું છે, જ્યાં પૂરને કારણે પ્રવાસીઓ એરપોર્ટ પર ફસાયા હતા અને વીજળીઓના કડાકાઓ થવાથી લોકો જીવ બચાવવા માટે દોડી રહ્યા હતા.

દિલ્હી બાદ હવે કાઠમંડુ એરપોર્ટ પર મોંકાણ

રન વેની લાઈટિંગ સિસ્ટમમાં સમસ્યા આવતા એરપોર્ટ કામચલાઉ સ્થગિત ચાર કલાકે ઠેકાણું પડ્યું

કાઠમંડુ, તા. 8 (પીટીઆઈ): શનિવારે રનવેની લાઇટિંગ સિસ્ટમમાં સમસ્યા સર્જાયા બાદ કાઠમંડુના ત્રિભુવન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફ્લાઇટ સંચાલન અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું હતું.

સાંજે લગભગ 5:30 વાગ્યે સર્જાયેલી સમસ્યા લગભગ ચાર કલાક પછી ઉકેલાઈ ગઈ હતી અને ત્રિભુવન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (ટીઆઈએ) પર કામગીરી રાત્રે 10:00 વાગ્યે (સ્થાનિક સમય) શરૂ થઈ હતી.

ઇલેક્ટ્રિક સમસ્યાને કારણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ માટે ટેક ઓફ અને લેન્ડિંગ પ્રભાવિત થયું હતું. લગભગ 250 ફ્લાઈટ્સને અસર થઈ હતી. એરપોર્ટના એક કર્મચારીએ જણાવ્યું હતું કે, ''ચાર કલાકથી વધુ સમય સુધી જાળવણી કાર્ય બાદ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.'' આ સમસ્યાને કારણે બે સ્થાનિક અને ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી. ટીઆઈએના પ્રવક્તા રિજી શેરપાના જણાવ્યા અનુસાર, કતાર એરવેઝની ફ્લાઇટને ઢાકા, કોરિયન એરની દિલ્હી અને ફ્લાય દુબઈની ફ્લાઇટને લખનઉ ડાયવર્ટ કરવામાં આવી હતી. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે, બુદ્ધ એરની બે સ્થાનિક ફ્લાઇટ્સ નેપાળના અન્ય પ્રાદેશિક એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

જોકે, સમસ્યાનું ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

એરફિલ્ડ લાઇટિંગ, ખાસ કરીને રનવે પર, તે લાઇટિંગ સિસ્ટમનો ઉલ્લેખ કરે છે જે રાત્રે અથવા નબળી દૃશ્યતા દરમિયાન પાઇલટ્સને ઉતરાણ કરવામાં મદદ કરે છે.

વિશ્વનું સૌથી લાંબા સમયથી પરિણીત યુગલ

૮૩ વર્ષથી એકબીજા સાથે લગ્નજીવનમાં છે

મિયામી (અમેરિકા), તા. ૮: તાજેતરમાં જ વિશ્વના સૌથી લાંબા સમય સુધી લગ્ન જીવનમાં રહેનારા યુગલનો ખિતાબ મેળવનારા અમેરિકાના મિયામી શહેરના એક પતિ-પત્ની કહે છે કે તેઓએ ફક્ત એકબીજાને પ્રેમ કરીને આ સિદ્ધિ મેળવી છે.

''અમે એકબીજાને પ્રેમ કરીએ છીએ,'' ૧૦૭ વર્ષીય એલેનોર ગિટન્સે લોંગેવીક્વેસ્ટને કહ્યું જ્યારે તેમના જીવનની બીજી સદીમાં રહેલા લોકો માટેની ખાસ વેબસાઈટે તેમના પતિ, લાયલ સાથેના ૮૩ વર્ષના લગ્નજીવનનું રહસ્ય શું છે તે પૂછ્યું. દરમિયાન, ૧૦૮ વર્ષીય લાયલ ગિટન્સનો તે પ્રશ્નનો જવાબ હતો: ''હું મારી પત્નીને પ્રેમ કરું છું.'' લોંગેવીક્વેસ્ટના ગ્લોબલ વેલિડેશન કમિશને ૧૯૪૨ના લગ્ન પ્રમાણપત્ર, અમેરિકી વસ્તી ગણતરીની એન્ટ્રીઓ અને દાયકાઓ સુધી ફેલાયેલી ક્રોસ-રેફરન્સ્ડ આર્કાઈવલ સામગ્રીનો ઉપયોગ કરીને પુષ્ટિ કરી કે તેઓ વિશ્વના સૌથી લાંબા સમયથી પરિણીત યુગલ છે.

પાકિસ્તાન પણ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સીસનો હોદ્દો ઊભો કરશે

આ માટે સંસદમાં બંધારણીય સુધારા ખરડો રજૂ થયો

ભારત સાથેની લડાઇમાંથી પાઠ શીખીને યુનિફાઇડ કમાન્ડ રચવા આ પગલું ભરાયું હોવાના અહેવાલ

ઈસ્લામાબાદ, તા. ૮(પીટીઆઈ): પાકિસ્તાને લશ્કરની ત્રણેય પાંખો વચ્ચે વધુ સંકલન સર્જવા અને યુનિફાઇડ કમાન્ડ રચવા માટે ચીફ ઓફ ડિફેન્સ ફોર્સીસના નવા હોદ્દાની રચના કરવા આજે એક બંધારણીય સુધારો સંસદમાં રજૂ કર્યો હતો. સંસદમાં રજૂ કરાયેલા 27મા બંધારણીય સુધારા ખરડામાં બંધારણની કલમ 243માં ફેરફારનો પ્રસ્તાવ છે, જે સશસ્ત્ર દળો અને અન્ય મુદ્દાઓ સાથે સંબંધિત છે. સુધારા બિલ હેઠળ, રાષ્ટ્ર પ્રમુખ વડાપ્રધાનની સલાહ પર આર્મી ચીફ અને ડિફેન્સ ફોર્સના વડાની નિમણૂક કરશે.

ચીફ ઓફ આર્મી સ્ટાફ, જેઓ ચીફ ઓફ ડીફેન્સ ફોર્સિસ પણ હશે, તેઓ વડા પ્રધાન સાથે પરામર્શ કરીને રાષ્ટ્રીય વ્યૂહાત્મક કમાન્ડના વડાની નિમણૂક કરશે. રાષ્ટ્રીય વ્યૂહાત્મક કમાન્ડના વડા પાકિસ્તાન ભૂમિદળમાંથી હશે એમ તે વધુમાં જણાવે છે. સરકાર સશસ્ત્ર દળોમાંથી વ્યક્તિઓને ફિલ્ડ માર્શલ, માર્શલ ઓફ ધ એરફોર્સ અને એડમિરલ ઓફ ધ ફ્લીટના હોદ્દા પર બઢતી આપી શકશે. ફિલ્ડ માર્શલની રેન્ક અને વિશેષાધિકારો આજીવન રહેશે, એટલે કે ફિલ્ડ માર્શલ આજીવન ફિલ્ડ માર્શલ રહેશે. ખરડામાં કહેવામાં આવ્યું છે કે ચેરમેન જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટીના પદ 27 નવેમ્બર, 2025 ના રોજ સમાપ્ત થશે. શુક્રવારે સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, આ પગલું મે મહિનામાં પાકિસ્તાન અને ભારત વચ્ચેના ચાર દિવસના સંઘર્ષ અને આધુનિક યુદ્ધના બદલાતા પરિમાણોમાંથી શીખેલા પાઠથી પ્રેરિત હોવાનું કહેવાય છે જે સંકલિત ઓપરેશનલ પ્રતિભાવની માંગ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ(સીડીએસ)ના હોદ્દાની રચના કરવામાં આવી છે.